**-:: ફોજદારી કેસ નં.૭/૨૦૧૪ ના કામે ફરીયાદીની આંક-૪ તથા આંક-૧ લગત સંયુકત હુકમ:-**

(૧) આ કામે ફરીયાદીએ અત્રેની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ સાથે વાંચતા કલમ-૧૪૨ અન્વયે હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) નામ.સુપ્રિમકોર્ટનાં દશરથસિંહ રાઠોડ વિ. મહારાષ્ટ્ર રાજય, ***ક્રિમી. અપીલ નં.૨૨૮૭/૦૯*** નિર્ણિત તા.૦૧/૦૮/૨૦૧૪ નાં કામે બે જજીસની ડીવીઝન બેંચે નેગોશીએબલ ઈન્સ્ટ્રુ.એકટ નીચે ચેક રીટર્ન સંબંધેની ફરીયાદ કયા દાખલ કરવી તે સંબંધેની ટેરીટોરીયલ જયુરીડીકશન સંબંધેનું લેન્ડમાર્ક જજમેન્ટ આપવામાં આવેલ છે.

(૩) આમ, આ જજમેન્ટ અન્વયે જયાં ડ્રોઈ બેંક એટલે કે, આરોપીની બેંક આવેલ હોય તે ક્ષેત્રની હકુમત ધરાવતી કોર્ટમાં ચેક રીટર્નની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવી જોઈએ, તેવુ ઠરાવવામાં આવેલ છે. તેમજ એવુ ઠરાવવામાં આવેલ છે કે, જે કેસીસમાં કલમ-૧૪૫(૨) (નેગો.એકટ) મુજબનો પુરાવો શરૂ થયો ન હોય તે કેસો પણ હકુમત ધરાવતી કોર્ટમાં ટ્રાન્સફર કરવા તેવુ ઠરાવવામાં આવેલ છે.

(૪) આ કામે કેસનું રેકર્ડ જોતા હકુમત અંગે વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરીયાદનાં વિ.વ.શ્રી દ્વારા વિરૂધ્ધમાં રજુઆત કરતા તે ઘ્યાને લીધી. હાલની ફરીયાદ તથા તેને સંલગ્ન પેપર્સ જોતા આરોપીની બેંક આ કોર્ટનાં ક્ષેત્ર-અધિકારમાં નહીં આવતી હોવાનું સ્પષ્ટ જણાય આવતુ હોય તેવા સંજોગોમાં હાલની ફરીયાદ અત્રેની કોર્ટમાં ચાલવાપાત્ર જણાતી ન હોય, જેથી ફરીયાદીએ યોગ્ય હકુમતવાળી કોર્ટમાં તેની ફરીયાદ તથા સંલગ્ન કાગળો તથા દસ્તાવેજી પુરાવો નિયમાનુસાર નકલ

લઈને જરૂરી રીટર્ન રજીસ્ટરમાં નોંધ કરી આ ફરીયાદ ફરીયાદીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ફરીયાદીએ આ ફરીયાદ પરત કર્યા તારીખથી દિવસ–૩૦ ની અંદર સક્ષમ અધિકાર ધરાવતી કોર્ટમાં તેની ફરીયાદ દાખલ કરવી.

તારીખ:૧૪–૦૬–૨૦૧૮
સ્થળ: અમદાવાદ.

(એમ. જે. ખોજજાદા)
કોડ નં.જીજે૦૧૦૨૦
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કોર્ટ નં.૩૩,
અમદાવાદ.